ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ અને ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ વર્ષ ૨૦૨૬-૨૭ માટે ફાળવેલ વહીવટી ગ્રાન્ટ નિગમને હવાલે મુકવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: **SJED/NIR/e-file/17/2025/2351/J,**
સચિવાલય, ગાંધીનગર.
તા: ઈ સાઈન મુજબ

**વંચાણમાં લીધા:**

૧.નાણા વિભાગનો તા:૦૪/૦૪/૨૦૨૬નો પરીપત્ર ક્રમાંક: FD/MSM/e-file/4/2026/ 0812/Budget-K.

૨.સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૯/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2351/J.

૩.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૧૮/૦૫/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DSCWG/WRA/e-file/224/2026/1262/M.

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમ: ૦૨ પરના વિભાગના તા.૦૯/૦૪/૨૦૨૬ના ઠરાવથી વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત અનુસૂચિત વિકાસ નિગમના રૂ.૭.૯૪ કરોડ અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના રૂ.૧.૫૦ કરોડ વહીવટી ખર્ચ માટે મંજૂર કરવામાં આવેલ હતા.

વંચાણે લીધેલ ક્રમ: ૦૩ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના તા.૧૮/૦૫/૨૦૨૬ના પત્રથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને રૂ.૭.૯૪ કરોડની વહીવટી ગ્રાન્ટ અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમને રૂ.૧.૫૦ કરોડની વહીવટી ગ્રાન્ટ નિગમના હવાલે કરવાની મંજૂરી આપવા દરખાસ્ત રજૂ કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને વહીવટી ગ્રાન્ટ પેટે થયેલ કુલ જોગવાઈ રૂ.૭.૯૪ કરોડ પૈકી પ્રથમ ત્રણ માસ માટે રૂ.૧.૯૬ કરોડ તથા ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમને વહીવટી ગ્રાન્ટ પેટે થયેલ કુલ બજેટ જોગવાઈ રૂ.૧.૫૦ કરોડ પૈકી પ્રથમ ત્રણ માસ માટે રૂ.૦.૩૬ કરોડની વહીવટી ગ્રાન્ટ નીચેની શરતોને આધિન નિગમનાં હવાલે મૂકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

૧. નાણા વિભાગના તા.૦૪/૦૪/૨૦૨૬ના પરીપત્ર અને વિભાગના તા.૦૯/૦૪/૨૦૨૬ના ઠરાવની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. સબંધિત નિગમ દ્વારા PD-PLA અકાઉન્ટ ખોલાવવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવાની રહેશે અને અકાઉન્ટ ખુલી જાય ત્યારબાદ નિગમને હવાલે મૂકેલ ગ્રાન્ટની રકમ પૈકી જેટલી ગ્રાન્ટ નિગમ પાસે વણવપરાયેલ રહેલ હોય તેને PD-PLA અકાઉન્ટમાં જમા/તબદિલ કરવાની રહેશે.

**બજેટ સદર**:- ૯૫-૨૨૨૫-૦૧-૧૯૦-૦૧(ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ)

૯૫-૨૨૨૫-૦૧-૧૯૦-૦૩ (ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ)

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા: ૦૯/૦૬/૨૦૨૬ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(કૌશલ લાંઘણોદા)**
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**પ્રતિ,**

૧. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
૭. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગર.
૮. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
૯.સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦.સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
૧૧. પસંદગી ફાઇલ-૨૦૨૬

*Signature Not Verified*

*Signed by:Kaushal C Langhnoda*
*Section Officer*
*Date:2026.06.15*
*13:43:46 +5:30*

File No: SJED/NIR/e-file/17/2025/2351/J Section
Approved By: Deputy Secretary,J Section,SJED

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*